Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# બાળ અપરાધ અને ભારતનું ન્યાયિક માળખું

ડૉ.હાર્દીકકુમાર એ. પટેલ
આસિસ્ટન્ટપ્રોફેસર
શેઠ વી.એસ. લૉ કોલેજ,ઊંઝા.

ભૂતકાળના સમયમાં કાયદાનું ઉલ્લંઘન કે અપરાધી વર્તણૂકની સમજદારી માટે બાળ અપરાધી અને પુખ્તવયના અપરાધી એવા તફાવત ન હોતા. બાળકોને પણ પુખ્તવયના અપરાધી જેટલી જ શિક્ષા કરવામાં આવતી હતી. ભારતમાં થતા બાળ અપરાધો અને તેના સંદર્ભમાં ભારતની સંસદે ૨૦૦૦ના વર્ષમાં 'ધ જુવેનાઇલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ' પસાર કરેલ છે. ભારતના વ્યવસ્થાતંત્ર બાળ અપરાધી માટેની ન્યાયિક સતર્કતા આવશ્યક અંગ છે. વર્તમાન સમયમાં બાળ અપરાધ એક ગંભીર પ્રશ્ન છે. જેના માટે અસરકારક ન્યાય પધ્ધતિ આવશ્યક બને છે.

❖ <u>બાળ અપરાધ</u> :

'જુવેનાઇલ ડેલીકવન્સી'નો અર્થ વ્યક્તિ-વ્યક્તિએ બદલાય છે. બાળ અપરાધ એ સરળતાથી ન સમજાય તેવો સામાન્ય છતાં વિશિષ્ટ શબ્દ છે.

➢ **રોબીન્સન સોફિયા :**

"ડેલીકવન્સી એક એવા પ્રકારનું વર્તન છે જે જેણે સમાજને જે તે સમયે સમાજનું હિત અને સંઘર્ષમાંથી આવું વર્તન કરનારને અદાલત સમક્ષ રજૂ કરવો કે કેમ તેવું નક્કી કરવા જણાવે છે."

- **કોહન એલ્બર્ટ :**

"ડેલીકવન્સી એ એવું વર્તન છે કે જે કોઈપણ અપવાદ વિના અમુક નિયમો તમામ બાળકોમાં લાગુ પાડવા જોઈએ કે, જેથી તેમના વર્તનમાં સુધારો થાય અને હિંસક અને અપરાધી પ્રવૃતિમાં ઘટાડો થાય. બાળકોનો વિકાસ એવી રીતે થયો હોય છે તેનો ભેદ પાડી શકતા નથી. આમ છતાં મહંદશે બાળકો અમુક નિયમોનું અલગ-અલગ પ્રમાણ માત્રામાં પાલન કરતા જોવા મળે છે."

- **ભારતીય કાયદા પ્રમાણે :**

બાળ અપરાધની વ્યાખ્યા ઉપરોક્ત વ્યાખ્યા અને વિચાર કરતા માર્યાદિત છે. જુવેનાઇલ જસ્ટીસ એક્ટમાં આપણે ફોજદારી કાયદાની જ જોગવાઈઓ બાબતે રજૂઆત કરેલ છે. ભારતીય કાયદાની જોગવાઈ Nullum **Crime** Sinelege-કાયદાની ગેરહાજરીમાં અપરાધ હોઈ શકે નહી એવા સિધ્ધાંત સાથે સુસંગત છે.

❖ **<u>બાળ અપરાધ અને ન્યાયિક માળખું :</u>**

માનવ સંસ્કૃતિના અસ્તિત્વ સાથે જ અપરાધ શબ્દ આવ્યો, તેમાં અતિશયોક્તિ નથી. અપરાધ ઉપર નિયંત્રણ રાખવા કાયદાઓ અને અદાલતોની રચનાથી ન્યાયનો વહીવટ થતો રહેલ છે. બાળકોને અપરાધ પ્રવૃત્તિમાં પુરાતન હિંદુ કાયદાઓમાં આ બાબતમાં દિશાસૂચક છે. જેમાં કૌટિલ્ય, નારદસ્મુતિ, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ, બૃહસ્પતિ સૂત્ર, મત્સ્ય પુરાણ વગેરે પ્રમુખ છે.

આંતરાષ્ટ્રીય કક્ષાએ ૨૬મી ઓગષ્ટ ૧૯૭૦માં ક્યોટો જાપાનમાં મળેલ ચોથી આંતરાષ્ટ્રીય કોંગ્રેસમાં બળ અપરાધ તરફ ધ્યાન દોરવામાં આવેલ. ત્યારબાદ સંયુક્ત રાષ્ટ્રસંઘ(UNO)નું ધ્યાન આકર્ષિત કર્યું જેથી "બાળ અપરાધ ન્યાય પધ્ધતિ" માટે માર્ગદર્શિકા નક્કી થયેલ. સ્ટાન્ડર્ડ મીનીમમ રૂલ્સ ફોર એડમીનીસ્ટ્રેશન ઓફ જુવેનાઇલ જસ્ટીસ બેજીંગ રૂલ્સ જેને યુનો (UNO)ની જનરલ એસેમ્બલીએ નવેમ્બર ૧૯૮૫માં સ્વીકાર કરેલ.

❖ **<u>જુવેનાઇલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ ૨૦૦૦</u>** ભારતમાં જુવેનાઇલ જસ્ટીસ એક્ટ ૧લી એપ્રિલ ૨૦૦૧થી અમલમાં છે. જે જમ્મુ-કાશ્મીર સિવાય

સમગ્ર ભારતમાં લાગુ પડે છે. આ કાયદા મુજબ કાયદાના સંઘર્ષમાં આવનાર બાળકો માટે નીચેની જોગવાઈ કરેલ છે.

- **ચાઈલ્ડ વેલ્ફેર કમિટી :**

આ કમિટી પ્રાથમિક રીતે કાળજી અને રક્ષણની જરૂરિયાત વાળા બાળકો (બિન અપરાધી ઉપેક્ષિત બાળકોના સંબંધમાં કાર્ય કરવા માટે રચવામાં આવતા હોય છે. આ કમિટીમાં ઓછામાં ઓછા એક મહિલા સભ્ય હોય છે.

- **બાળ કલ્યાણ સમિતિ :**

રાજ્ય સરકાર રાજ્યપત્રમાં જાહેરનામું બહાર પાડીને દરેક જિલ્લા માટે અથવા જિલ્લાના સમૂહ માટે જાહેરનામામાં સ્પષ્ટપણે જણાવીને એક અથવા વધુ બાળ કલ્યાણ સમિતિની સ્થાપના કરી શકશે.

- **જુવેનાઇલ વેલ્ફેર બોર્ડ :**

સરકારી અથવા નોંધાયેલી બિન-સરકારી સંગઠન અથવા સ્વૈચ્છિક સંગઠન કે જે બાળકની કાળજીની જવાબદારી લેવા તૈયાર છે અને સક્ષમ સત્તામંડળને જાહેર કર્યા હોય તથા 'યોગ્ય વ્યક્તિ' એટલે એવી વ્યક્તિ કે જે સામાજિક કાર્યકર હોય અથવા બીજી કોઈ વ્યક્તિ હોય કે જે બાળકની કાળજીની જવાબદારી લેવા તૈયાર હોય અને સક્ષમ સત્તામંડળે જાહેર કર્યા હોય.

- **અપરાધી માતા-પિતાનો નિર્દોષ બાળક :**

બાળકનું કલ્યાણ એ બાળન્યાયનો મુખ્ય ઉદ્દેશ છે એટલે કે બાળક અપરાધી હોય કે ન હોય અથવા બાળકના માતા-પિતા કોઈ કારણસર તેનું ભરણપોષણ કરી શકતા ન હોય કે બંને જેલમાં હોય કે કોઈપણ પરિસ્થિતિમાં બાળકનું રક્ષણ અને કલ્યાણ કરવાની જવાબદારી આ કાયદા અન્વયે રાજ્ય ઉપર મુકવામાં આવેલ છે.

- **બાળ અદાલત :**

બાળઅદાલતનો ઉદભવ અમેરિકામાં થયો હતો પણ તેના મૂળ ઈંગલેન્ડમાં કાયદાની ઇક્વિટી કોર્ટ અને ચાન્સેરી અદાલત હોવાનું માનવામાં આવે છે. ૧ જુલાઈ, ૧૮૯૯ના રોજ શિકાગોમાં પ્રથમ બળ અદાલત સ્થાપવામાં આવી હતી. ન્યાયના

વહીવટનો ઉદ્દેશ જળવાઈ રહે તે માટે જુદા જુદા સમયે બાળઅદાલતના મોડલ નીચે મુજબ છે.

1. The due procedural model.
2. The social welfare model.
3. The participatory process model.

બાળ અદાલત અન્ય ફોજદારી અદાલતોથી અલગ પડે છે, જે નીચે મુજબ છે:

| ફોજદારી અદાલત | બાળ અદાલત |
|---|---|
| કાર્યવાહી પ્રતિ સ્પર્ધાલક્ષી અને બે પક્ષકારો વચ્ચે રાજ્ય વિરુધ્ધ એક વ્યક્તિ એવી વિવાદલક્ષી હોય છે. | કાર્યવાહીમાં તપાસની વૈજ્ઞાનિક પધ્ધતિ અખત્યાર કરાય છે. |
| આરોપીએ તેની સામે આરોપ મૂકાયેલો ગુનો કર્યો છે કે નહિ, તે તપાસવાનો હેતુ હોય છે. | બાળકે કોઈ ગેરવર્તન અપરાધ કર્યો છે કે નહી તે નક્કી કરવા માટે તેના સંજોગો અને ચારિત્ર્ય વિશે માહિતી એકત્ર કરાય છે. |
| આવા સંજોગો અને ચારિત્ર્ય વિશેની માહિતી મેળવવા માટે ખાસ કોઈ તંત્ર હોતું નથી. | આવી માહિતી મેળવવા માટે તંત્ર હોય છે. |
| આવી માહિતી હોય તો પણ તે પુરાવા તરીકે કોર્ટ રેકર્ડ ઉપર લેવાતી હોતી નથી. | આવી માહિતી કોર્ટ રેકર્ડ ઉપર લીધા પછી જ યોગ્ય નિર્ણય લેવાય છે. |
| જો આરોપી દોષિત ઠરે તો તેને સજા ફરમાવાય છે | જો તેણે કોઈ ગેરવર્તન કર્યાનું પુરવાર થાય તો તેને રાજ્યના રક્ષણ અને વાલીપણા હેઠળ રખાય છે. |
| કેદીને સુધારવા માટેની રીતો જે તે કેદીની વ્યક્તિગત જરૂરિયાત અનુસાર નક્કી કરાતી હોતી નથી. આવી રીતનો કાયદો જ અગાઉથી જણાવતો હોય છે. | બાળકને સુધારવા માટેની રીતો જે તે બાળકની વ્યક્તિગત જરૂરિયાત અનુસાર નક્કી કરાતી હોય છે. |
| ન્યાયતંત્ર આરોપીના બાહ્ય કૃત્ય તરફ લક્ષ આપી દંડલક્ષી પ્રતિભાવ આપે છે. | ન્યાયતંત્ર બાળકના સમગ્ર સંજોગો અને ચારિત્ર તરફ લક્ષ આપી સુધારાલક્ષી પ્રતિભાવ આપે છે. |
| આરોપીના ભૂતકાલીન કૃત્યો ધ્યાનમાં લઇ તેને દોષિત ઠેરવે છે કે છોડી મૂકે છે. | બાળકના ભવિષ્યને ધ્યાનમાં લઇ તેના વિશે નિર્ણય અને તારણ કાઢે છે. |
| ફરિયાદ પક્ષ, બચાવપક્ષ, કોર્ટ, પોલીસ અને અન્ય કર્મચારીઓ વધુ ઔપચારિક રીતે જાહેરમાં કામગીરી બજાવે છે. | અહી આવી ઔપચારિકતા ઓછી અને કાર્યવાહી ખાનગીમાં ચલાવાય છે. તેમાં સૌ કોઈને પ્રવેશની છૂટ હોતી નથી. |
| દરેક અદાલતને સજા કરવાની સત્તા અલગ અલગ હોય છે. | કિશોર ન્યાય મંડળને તમામ પ્રકારની સત્તા મળેલ છે. |

આમ, વિશ્વના વિવિધ દેશોમાં બળ-અદાલત કાર્યરત હોય છે. જેમાં જાપાનની બાળઅદાલત સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. આ ઉપરાંત બાળ અદાલતની કાર્યવાહીમાં મેજિસ્ટ્રેટ અને વકીલોએ તેમનો નિર્ધારિત, વ્યવસાયિક યુનિફોર્મ પહેરવાનો હોતો નથી.

➢ **બાળ આરોપીનો હવાલો અને જામીન :**

બાળક ઉપર ગુનાનું તહોમત મૂકવામાં આવે અને અદાલતમાં રજૂ કરવામાં આવશે ત્યારે અદાલત ક્રિમિનલ પ્રોસીજર કોડમાં, આવા આરોપીને જામીન મળી શકે તેની જોગવાઈઓને ધ્યાનમાં લીધા વગર અપરાધી બાળકને જામીન ઉપર છોડવાનો હુકમ કરશે. એટલે કે તમામ અપરાધન જામીનપાત્ર અપરાધની વ્યાખ્યામાં આવી જાય છે.

ભારતમાં વર્ષ ૨૦૧૨માં દિલ્હીમાં બનેલ નિર્ભયા ગેંગ રેપ ઘટના પછી જસ્ટીસ વર્મા કમિટિના તથા સંજોગો જોતાં જઘન્ય અપરાધ માટે ઉપરોક્ત કાયદામાં સુધારો કરીને પુખ્તવયના આરોપી જેવી કાર્યવાહી સૂચવેલ છે.

➢ **ખાસ બાળક પોલીસ એકમ :**

બાળક/કિશોરના રક્ષણ અને સમાજમાં પુન:સંસ્થાપન માટે તાલીમ પામેલ પોલીસ અને પોલીસ અધિકારી હોવા જરૂરી છે. જે અનુભવથી સમજાયા પછી, તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. પોલીસનું કાર્ય રૂઢિગત ન બની રહે તેની પણ ખાસ કાળજી રાખવાની જરૂરત છે.

૧૯ જુલાઈ ૨૦૧૬માં ગુજરાતમાં 'સ્પેશિયલ જુવેનાઇલ પોલીસ યુનિટ' શહેરી વિસ્તારમાં પોલીસ સ્ટેશન દીઠ વેલફેર ઓફિસરની નિમણૂક કરાયેલ અને DCP સુપરવિઝન કરે છે.

➢ **બાળકને ગિરફતાર બાબતની જાણકારી :**

જયારે કોઈપણ બાળકને ગિરફતાર કરવામાં આવશે ત્યારે પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ ખાસ કિશોર પોલીસ એકમે અટકાયત કર્યા પછી જેમ બને તેમ જલ્દી તેના માતા-પિતા અથવા વાલીને શોધી કાઢીને આવી અટકાયત તેમજ મંડળ સમક્ષ હાજર રહેવાની સૂચના આપશે.

પરિક્ષીતા અધિકારી કિશોરનો ભૂતકાળ અને કૌટુંબિક ભૂમિકા અને બીજી તપાસ માટે જરૂરી માહિતી અને સંજોગોની જાણ મંડળને કરશે.

➢ **અદાલત દ્વારા તપાસ:**

જયારે કિશોર અપરાધ સબબ આરોપ મૂકી મંડળ સમક્ષ રજૂ કરવામાં આવશે ત્યારે મંડળ પૂછતાછ આ અધિનિયમ અન્વયે કરશે અને કિશોરને માટે યોગ્ય લાગે તેવા આદેશ કરશે.

અદાલતી તપાસ ઝડપી કરવાની જોગવાઈમાં સર્વોચ્ચ અદાલતે શિલા બારસે V/S. (વિ) સ્ટેટ ઓફ બિહારના ચુકાદામાં તથા બેજીંગ રૂલ્સ-૧૯૮૫ ની જોગવાઈ મુજબ કોઈપણ જાતના કારણસર મોડું કર્યા  વગર બને તેટલો ઝડપી નિકાલ કરવાનો રહેશે.

❖ **<u>અપરાધી બાળક વિરુધ્ધ ન કરી શકાય તેવા હુકમો અને આદેશ:</u>**

જુવેનાઇલ ડીપ્રાઈવ્ડ ઓફ ધેર લિબર્ટી રૂલ્સની જોગવાઈ અનુસાર બાળ અપરાધીઓને નીચે મુજબની સજા કરી શકાતી નથી.

- ✓ બાળ અપરાધીને કોઈપણ પ્રકારની શારીરિક સજા કરી શકાતી નથી.
- ✓ બાળ અપરાધીને કાળ કોટડી-અંધારી રૂમમાં પૂરી શકતા નથી.
- ✓ બાળ અપરાધીને કોઈપણ સંજોગોમાં એકાંત જેલવાસમાં રાખી શકતા નથી.
- ✓ બાળ અપરાધીને કોઈપણ સંજોગોમાં કે કોઈપણ કારણસર તેના ખોરાકમાં ઘટાડો કરી શકતો નથી.
- ✓ બાળ અપરાધીને તેના કુટુંબમાં સભ્યોની મુલાકાત ઓછી કરાવવા કે મુલાકાત કરાવવા ના પાડી શકાતી નથી.
- ✓ બાળ અપરાધી પાસે કોઈપણ સંજોગોમાં કામ કરાવી શકાતું નથી.
- ✓ કિશોરને મૃત્યુદંડ કે આજીવન કારવાસ (જઘન્ય અપરાધ સિવાય) અથવા સલામતી અથવા દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો પણ જેલમાં મોકલાશે નહિ.
- ✓ બાળ અપરાધને ભવિષ્યમાં સાબિતી ગણવામાં આવશે નહિ.

➢ **બાળ આરોપીની અપરાધ સમયની ઉંમરને ધ્યાનમાં લેવા બાબત:**

કિશોર અથવા બાળક એટલે એવી વ્યક્તિ કે જેને ૧૮ વર્ષ પુરા કરેલ નથી. દિલીપ સહા Vવિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલમાં કલકત્તા હાઇકોર્ટ જણાવેલ છે કે આરોપીની ઉંમર

અપરાધ બન્યો તે સમયની ધ્યાનમાં લેવાની છે અને અપરાધીની ઉંમર ટ્રાયલના સમયની ધ્યાનમાં લેવાની નથી.

- **બાળ આરોપીના કાર્યવાહી સંદર્ભે ઓળખની ગુપ્તતા:**

આ કાર્યવાહીમાં રહેલ બાળકના નામ વગેરે પ્રકાશિત કરવાની માની કરવામાં આવેલ છે તેમજ શાળાનું નામ, સરનામું કે બાળકના ફોટા કે બાળકની ઓળખ કોઈપણ સમાચારપત્ર સામાયિક કે સમાચાર પત્રિકામાં પ્રગટ કરવાની મનાઈ છે.

વર્તમાન સમયમાં બાળ અપરાધ માટેની બાબતોમાં મોટા પ્રમાણમાં ચર્ચા થતી જોવા મળે છે. વર્ષ ૨૦૧૨ માં દિલ્લીના નિર્ભયા ગેંગ રેપ બાળ જસીસ વર્મા કમિટીનો રીપોર્ટ અને દેશની જનતાના અમુક વર્ગમાં જુવેનાઇલ જસ્ટીસ એક્ટમાં સુધાર કરવાની માંગ ઉભી થયેલ જેમાં સુધાર પણ થયેલ. આમ છતાં જુવેનાઇલ જસ્ટીસ એક્ટ, ૨૦૦૦ ની જોગવાઈનો હેતુ બાળ સુધારનો છે, આમ છતાં વાસ્તવિકતા કંઇ અલગ ઉપસી આવે છે તેવા બનાવો બનતા હોય છે. જેમ કે, બાળ આરોપીની બાબતમાં પોલીસ અધિકારીઓનું વર્તન. આમ, અનેક પ્રશ્નો જુવેનાઇલ જસ્ટીસ એક્ટમાં રહેલા છે. આમ છતાં સમગ્ર પણે જુવેનાઇલ જસ્ટીસ એક્ટ બાળકોના બચાપનનું રક્ષણ કરવામાં યોગ્ય કાર્ય કરે છે.

- <u>સંદર્ભ સૂચિ</u> :

**BOOK**

૧ "બાળ અપરાધ અને ભારતીય ન્યાય પદ્ધતિ ",લેખક- ડૉ. કૌશિક સી. રાવલ , પ્રકાશક- દક્ષા પાઠક,રાવલ પબ્લિકેશન વતી,૧૫, શશી એપાર્ટમેન્ટ,સ્વામિનારાયણ ચોક, વાસણા રોડ, અમદાવાદ.

૨. ન્યૂઝ પેપર

- નવગુજરાત સમય (૧૯ જુલાઈ, ૨૦૧૬)
- ગુજરાત સમાચાર (૨૩ એપ્રિલ, ૨૦૧૫)
- દિવ્ય ભાસ્કર (૧૬મી મે, ૨૦૧૬)

**Web:**

- http://mymplssm.blogspot.in/2012/04/6109-post_08.html?m-1
- www.amarutlal.com
- https://hi.wikipedia.org/wiki/()
- Sje.gujarat.gov.in/showpage.aspx%3f

**કેસ સૂચિ :**

૧. દિલીપ સહા વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ (AIRAIR 1978, કલકત્તા, ૫૨૮)

૨. શીલા બારસે અને બીજાઓ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા. (AIR AIR 1986 SC 1700 )